# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૮ • અંક ૭ • સળંગ અંક ૯૦ • મુંબઈ • મે ૨૦૧૪ • પાના ૧૨ • છૂટક નકલ રૂા. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

**શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર**



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજનો,**

**જય જિનેન્દ્ર !!**

*સુખ મળે થોડું તો બધા અંજાઈ જાય છે,*
*ખરેખર માણસ દુ:ખથી સરસ મંજાઈ જાય છે.*
*કહે છે કોણ કે સુખને સર્જવું મુશ્કેલ બાબત છે,*
*પડાવો દુ:ખમાં જો ભાગ, સુખ સર્જાઈ જાય છે.*

### ગર્ભ સંસ્કાર :

શ્રધ્ધા, ધર્મ અને સમર્પિત પ્રયત્ન અણધાર્યો વણચિંતવ્યો ચમત્કાર, ભાસ કે આભાસ દર્શાવી જાય છે. અસ્ખલિત સાધના કયારેક ઈશ્વરીય સંકેત પણ આપી જાય છે. સ્વયમ્ સ્ફુરિત સકારાત્મક અભિગમ અનન્ય અભિવ્યકિતનું રસપાન કરાવ્યા વગર રહેતો નથી.

જિનેશ્વર પરમાત્માએ પ્રરૂપેલ ધર્મની પ્રરૂપણા કરનાર કયારેય કર્મથી બંધાતા નથી. દ્રવ્યનો અભાવ કે અલ્પભાવ કયારેક ખટકે કે અટકે ત્યારે ભાવદાનનો પ્રભાવ એ અભાવનો પ્રભાવ દુર કરે છે. ભાવનો પ્રભાવ કંઈક અનેરો અને અનોખો જ હોય છે. આખરી ઈચ્છા એ નિર્મળ જળ વિનાની હોય તો પથ્થરોની વચ્ચે થઈને એણે વહેવું પડે છે અને તેથી જ નદી કરતાં ઝરણું વધુ નિર્મળ હોય છે. ખળખળ વહેતું ઝરણું પથ્થરો વચ્ચેથી પસાર થતું હોય છે. અનોખા વહેણના કહેણ સાગરની અનંતતાને પ્રાપ્ત કરાવી શકે છે. અનંત બનવું છે તો વહેતા અને સહેતા શીખો, અને વરસી પડો.

### હાર્દિક અભિનંદન લાડીલા પંત પ્રધાનને :

ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની નિશ્રામાં અને પાટણના પ્રભારી **શ્રીમતી આનંદીબેન પટેલ**ની આગેવાની હેઠળ તા.૧૪-૧૧-૨૦૧૧ ના રોજ પાટણ ખાતે સદ્દભાવના મિશનના મહાયજ્ઞમાં **શ્રી પાટણ જૈન મંડળ**ને પણ ભાવભર્યુ નિમંત્રણ પ્રાપ્ત થયું હતું અને સંસ્થાવતી વિશાળ માનવમેદની વચ્ચે રંગમંચ ઉપર **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ને અભિવાદન કરી આવકાર્યા હતા. સંસ્થાની શતાબ્દી વર્ષના પ્રવેશ અવસરે ગુજરાતના કર્ણધાર મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. આજે ગુજરાતના મુખ્યપ્રધાન સમગ્ર રાષ્ટ્રના તારણહાર થવા જઈ રહ્યા છે, ત્યારે શ્રી પાટણ જૈન મંડળ તરફથી પ્રગતિના પંથ માટે શ્રી નરેન્દ્રભાઈને અભિનંદન સહ શુભેચ્છા પાઠવીએ છીએ.

### શ્રીમતી આનંદીબેન પટેલને અભિનંદન :

પાટણ ખાતે વર્ષ ૨૦૦૨ માં સંસ્થાની ૯૦ વર્ષની ઉજવણી સમયે મુખ્ય મહેમાન તરીકે પાટણના ધારાસભ્ય અને શિક્ષણ મંત્રી (ગુજરાત રાજય) શ્રીમતી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તાજેતરમાં શ્રીમતી આનંદીબેન પટેલની ગુજરાત રાજયના મુખ્યમંત્રી પદે વરણી થતાં ગુજરાતની આરંભાયેલ વિકાસ યાત્રાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પીઠબળ દ્વારા વેગ મળશે જેનો સંસ્થાને અનહદ આનંદ છે. શ્રીમતી આનંદીબેનની નિમણુકને સહર્ષ આવકારતા સંસ્થા શુભેચ્છા પાઠવે છે.

### દાન ગંગાના પ્રવાહો :

મંડળની મેડીકલ સહાય તથા વૃધ્ધજન સહાય પ્રવૃત્તિ ખાતે

વખારના પાડાના **સ્વ.શ્રી નવીનચંદ્ર મોહનલાલ શાહ** (ગાંભુવાળા)ના સ્મરણાર્થે **શ્રીમતી દમયંતીબેન નવીનચંદ્ર શાહ** તરફથી રૂા.૨,૦૦,૦૦૦/- ની સખાવત પ્રાપ્ત થયેલ છે. ઉપરાંત **જે.કે.ફાઉન્ડેશન** (ભાભાનો પાડો) તરફથી વિકલાંગ ઉત્કર્ષ ફંડ ખાતે રૂા.૧,૦૦,૦૦૦/-, **શ્રી કલ્પેશભાઈ પ્રવીણચંદ્ર શાહ (બ્રાહ્મણવાડો)** તરફથી રૂા.૧,૦૦,૦૦૦/- આર્થિક સહાય ભેટ પ્રાપ્ત થયેલ છે. આ સમસ્ત પરિવાર શ્રી કલ્પેશભાઈ, ધર્મપત્ની શ્રીમતી નિમીષાબેન તથા સુપુત્રી કુ.પ્રિયાએ ભગવતી દીક્ષા અંગીકાર કરેલ છે. સંસ્થા સમસ્ત પરિવારની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે. સિધ્ધહેમ જ્ઞાનપીઠ ખાતે **શ્રી જવાહરનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**, ગોરેગામ તરફથી રૂા.૧,૦૦,૦૦૦/- ની ભેટ પ્રાપ્ત થયેલ છે. તેની નોંધ લેતાં હર્ષ અનુભવું છું.

## સિધ્ધહેમ જ્ઞાનપીઠ :

પાટણ ખાતે ગોળશેરીમાં આવેલ દિવાળીબાઈ ભવનનું મકાન જરૂરી નૂતનીકરણ અને સુવિધાઓ સાથે સજ્જ થઈ જતાં સિધ્ધહેમ જ્ઞાનપીઠ પ્રવૃત્તિનું વૈશાખ સુદ ૧૦ શુક્રવાર, તા.૯-૦૫-૨૦૧૪ ના ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં **શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ**ના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરી હર્ષ ભેર પુનઃ શરૂ કરવામાં આવેલ છે. જે બદલ સમિતિના સર્વે સભ્યોને અભિનંદન આપુ છું.

સ્વરૂપના સાક્ષાત્કાર માટે શાસ્ત્ર અને યંત્ર બન્ને અધ્યયન, અધ્યાપન, ચિંતન અને મનનમાં સહાયક બને છે. આધ્યાત્મના જીવન થકી સંકલ્પ વિકલ્પના ચકકરથી અલિપ્ત રહેવાય છે, અને મન સ્થિર બની શકે છે. તો ચાલો મિત્રો ! આધ્યાત્મને માર્ગે સુખ અને શાંતિની ખેવના કરીએ !

આભાર... !

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

### પાટણના મહોલ્લાના આગેવાનો, ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓનું સંમેલન

દિનાંક : તા. ૨૨.૦૬.૨૦૧૪, રવિવાર, બપોરે ૨-૩૦ વાગે

**નિશ્રા :** પૂ. યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસપ્રવર અને **શ્રી ચંદ્રશેખર વિજયજી મ. સા.**ના શિષ્યરત્ન આપણા પાટણના પનોતા પુત્ર **પૂ. પં. શ્રી મેઘદર્શન વિજયજી મહારાજ સાહેબ.**

**આયોજક :** શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ.

**સ્થળ :** શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ, મરીન ડ્રાઈવ.મુંબઈ.

આપણા નગરના જિનાલયો, ઉપાશ્રયોમાં પધારતા સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ. જ્ઞાન આરાધના વિગેરે માટે નક્કર વિચારણા કરવા અને પરસ્પર સ્નેહની વૃદ્ધિ, સહકારની ભાવના અને એકતા પ્રગટાવવા સૌને સમયસર પધારવા પધારવા વિનંતી. સૌને સ્નેહ સંમેલન પછી સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી છે.

# PRIDE OF PATAN

## Congratulations

## Mr. Manish Sureshbhai Shah

Mr. Manish, son of Dr. Dinaben and Dr. Sureahbhai Mansukhlal Shah (Abjimehtano Pado), a top Indian – American prosecutor, has been confirmed by the US Senate as a federal judge in Illinois, becoming the first South Asian federal judge in President Barack Obama's home state. Mr. Shah was Deputy Chief of the General Crimes Section from 2007 to 2008 and also Deputy Chief of the Financial Crimes & Special Prosecutions Section from 2008 to 2011. An Assistant US Attorney in the Northern District of Illinois since 2001, New York-born Mr. Shah currently serves as Chief of the Criminal Division, having previously served as Chief of Criminal Appeals from 2011 to 2012. He has won numerous awards and recognitions for his work in the US Attorney's Office, including the FBI Director's Award for Outstanding Criminal Investigation. He is a graduate of Stanford University and the University of Chicago Law School. He clerked for two years for Judge James Zagel of the Northern District of Illinois.

Mr. Shah, 40, was confirmed by Senate by 95-0 votes. "His experience as a prosecutor and in various leadership positions at the Chicago's US Attorney's office will ensure Shah is a Knowledgeable Jurist who will provide a fair forum for the resolution of civil disputes and the prosecution of alleged crimes" Senator Mark Kirk said. He has the experience, qualifications and the integrity to serve with distinction on the federal bench Shah's nomination is also a historic one. He will be the first Article III judge of South Asian descent to serve in the state of Illinois. His confirmation is significant milestone for our community. Nadeem bezar, president of South Asian Bar Association North America said "Manish Shah's unanimous confirmation demonstrates, yet again, what an extraordinary pool of talent we have in our community."

❑ **Shree Patan Jain Mandal**

### પાટણ સમાજનું ઓનલાઈન વસતીપત્રક

પાટણ જૈન સમાજના કોમ્પ્યુટરાઈઝ ઓનલાઈન વસતીપત્રકમાં સભ્યના વિવાહિક કક્ષામાં, ફોન નંબર, આગંતુક પુત્રવધૂ કે દીકરીના લગ્ન થવાથી કે કોઈ સભ્યનું અવસાન થવાથી, કુટુંબના સભ્યોમાં થયેલ ફેરફાર સંસ્થાના કાર્યાલયમાં લેખીતમાં જણાવવાથી તેમાં ફેરફાર, સુધારો કે વધારો થઈ શકશે.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## તંત્રીસ્થાનેથી...

*રાતભરકા હૈ મહેમા અંધેરા, કીસકે રોકે રુકા હૈ સવેરા,*
*રાત જિતની ભી ગમગીન હોગી ,સુબહ ઉતની હી રંગીન હોગી,*
*ગમ ન કર ગર હૈ બાદલ ઘનેરા કીસકે રોકે રુકા હૈ સવેરા!!*

**–સાહિર લુધ્યાનવી**

૧૬ મી મે ૨૦૧૪ ના રોજ ભારતની જનતાએ લોકસભાની ચૂંટણીના અદ્દભુત અને અનન્ય પરિણામો અને પરિમાણો આપ્યા અને જોયા. સામાન્ય જનજીવનની બરબાદી અને અવહેલના સામેનો સચોટ અભિગમ હતો. સત્તર વર્ષની મુગ્ધ વયમાં સન્યાસની ધૂનકી રાખનાર અને બે વર્ષ ભોગવનાર **શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી**ને સમગ્ર રાષ્ટ્રના તારણહાર તરીકે લોકો જોઈ રહ્યા છે. ૧૯૮૪ ની ચૂંટણીમાં માત્ર બે સીટથી ૨૦૧૪ માં ૨૮૨ સીટો મેળવી અદ્દભુત સફળતા તેમને ભારતીય જનતા પાર્ટીને અપાવી છે. **"અબકી બાર મોદી સરકાર"**ના નારાએ સુશાસનની આલબેલ વગાડી છે.

ગુજરાતની ૬ કરોડની જનતામાંથી હવે ભારતની ૧૨૫ કરોડની જનતાની આશા-અપેક્ષા સાથે આપની મહત્તા અને મહાત્મ્યને આશાભરી નજરે જોઈ રહી છે. ભારત ભરમાં વર્ષોથી ખદબદતી ભ્રષ્ટાચારી અને મોંઘવારીમાંથી સમગ્ર પ્રજાને તાત્કાલિક બહાર કાઢવાની પ્રક્રિયા કોઈ ચમત્કારથી તો શકય નથી જ. વાતો અને વચનો કરતાં વિઝન **શ્રી નરેન્દ્રભાઈ**ની આંખોમાં અને હૈયામાં છે તેની પ્રતિતિ ગુજરાતના રોડ મોડેલથી અને શાસનથી થઈ ચુકી છે. સરકારી અને બીનસરકારી ધોરણે ડીઝીટાઈજેશન થશે જ એ નિર્વિવાદ છે, જેનો ચૂંટણી દરમ્યાન તેમને અનન્ય અને ભરપુર ઉપયોગ કરેલ હતો. આપશ્રીના ગુજરાતી હોવાનું માત્ર ગુજરાતને જ નહિ સમગ્ર દેશને ગર્વ અને ગૌરવ છે.

યુધ્ધના ધોરણે કામ કરવામાં અને કરાવવામાં **શ્રી નરેન્દ્રભાઈ** માહિર છે. નીચલા અને મધ્યમ વર્ગના જીવન ધોરણ વિશે દિલ અને દિમાગથી ત્વરિત ધોરણે કરવાના રહેશે. જેના ઉપર તેમની હાથવટી છે અને પ્રજાનો અમાપ વિશ્વાસ અને સહકાર છે. ચકાસણી ભરી કાર્યપધ્ધતિ અને પરિણામલક્ષી પ્રાપ્તિ માટેની તેમની ઉત્કટતા અદ્દભુત છે અને તેથી જ તેઓ સંભાવના અને સફળતાઓની વ્યકિત બની ગયા છે. લોકોને નકકર ઝડપી પરિવર્તન જોઈએ છે તેનાથી તેઓ સારી પેઠે માહિતગાર છે.

અસમર્થ અને નબળી સરકારના કારણે આકાર પામેલ ભ્રષ્ટાચાર અને મહાસ્કેમોને કારણે દેશે અને પ્રજાએ ઘણું જ સહન કર્યુ છે. વિદેશમાં સર્વત્ર માભોમની પ્રતિષ્ઠા ખરડાઈ છે. ખુબ જ કપરા ચઢાણોની કલ્પના અને સમજણ સરકારની સક્ષમતા અને સંકલ્પનો અંદાજ રાષ્ટ્રની ત્રાહિમામ પોકારી ઉઠેલી જનતા સુપેરે જાણે છે. આ અમૂલ્ય તકે સરકારને સાથ અને સહકાર આપવામાં જ સૌનું ભલુ છે. આંતરિક મતભેદોને હવે સ્થાન નથી અને કદાચ થોડા હોય તો પણ તેનો કેવી રીતે છેદ ઉડાડવો તે **શ્રી નરેન્દ્રભાઈ** સુપેરે જાણે છે.

આત્મનિર્ભર, આદર્શ અને ગરિમા પૂર્ણ જીવનની અપેક્ષા લોકોને હોય તે સ્વાભાવિક છે. એક વાઈબ્રન્ટ રાજકારણી તરીકે અદ્દભુત અને અર્થપૂર્ણ કાર્ય કરી બતાવવાનો એક અનન્ય મોકો **શ્રી નરેન્દ્રભાઈ**ને પ્રાપ્ત થયો છે. હિંમતપૂર્વક આકરા સંઘર્ષનો સામનો કરવાની સલામતી અને સ્થિરતા સાથેની અદ્વિતીય ઉર્જા તેમને હસ્તગત છે. ૩,૦૦,૦૦૦ કીલોમીટરનો પ્રવાસ કરી લગભગ ૪૫૦ સભાઓ સંબોધવી એ નાની સુની વાત નથી. ઓછું બોલી વધુ કામ કરવાની અને કરાવવાની આવડત ધરાવતી દૂરંદેશી વિદ્વાન વ્યકિત તરીકે તેઓ નખશીખ ઉભરી રહ્યા છે. શકયતઃ વિકલ્પોના વિચાર કરી પક્ષના અને બહારના પડકારો સામે તેઓ જલદ પગલાં લેતા અચકાશે નહીં. સર્જનાત્મકતા અને શુભમાં શ્રધ્ધા સાથે ધન્યતા ધરાવવા તેમને મોકળાશના આકાશમાં સાર્થકતા પુરવાર કરવાની રહેશે.

પરંપરાગત રાજકારણનો અંત લાવવાના સમય અને સંજોગો તેમને પ્રજાએ હાથવગા કરી આપ્યા છે. સેકયુલારિઝમને કારણે ભ્રષ્ટાચારી કોંગ્રેસનું પતન થયું છે, તે સ્પષ્ટ થઈ ચુકયું છે. કારમા પરાજયે કોંગ્રેસીઓને સ્તબ્ધ કરી મૂકયા છે, એટલું જ નહીં વિરોધપક્ષ માટે પણ ગઠબંધન કરવું પડે તેવી શરમજનક પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે.

જ્ઞાતિવાદ કરતાં આર્થિક વિકાસને નિતિમત્તા થકી મહત્તા અને મહત્વ આપવાની ઘડી આવી ગઈ છે. સામાન્ય જનતા અને ઔદ્યોગિક જગતની અપેક્ષા સંતોષવા વિચારો અને વચનોને વિના અવરોધે વિકસવા દો. સ્થાપિત હિતોને કદાચ ન પણ ગમે, તેની પરવા કર્યા વગર ચાણકય નિતિ અપનાવી આમ આદમીના સાથ અને સહકાર થકી વ્યવહારિક આગવી રણનીતિને કાર્યરત કરવાથી અનેક મુશ્કેલીઓનો સહેલાઈથી સામનો થઈ શકશે.

આજની પ્રજાનો મહત્વનો અને સળગતો પ્રશ્ન મોંઘવારી અને ભ્રષ્ટાચારીનો છે. ટેકનોલોજી અને ડેવલપમેન્ટ થકી One point tax system અમલમાં લાવી વ્યવહારિક અને ઔદ્યોગિક વિકાસ સાધી શકાશે. વર્તમાન સમયમાં સામાન્ય માનવી કહી ન શકાય અને સહી ન શકાય તેવી બદતર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. વયસ્ક નાગરિકો અને નારીની જરૂરિયાત, વિકાસનું મહત્વ સવિશેષ રહ્યું છે, જેને માટે આગવી રણનિતિ અનુસરવી પડશે. દેશ-વિદેશની આર્થિક નિતિ સાથે દેશની નિતિનું.અવલોકન કરવું પડશે. રૂપિયાની કિંમત જાળવી અને તેને મજબુત કરવાની દિશામાં પ્રયાસ આદરવા પડશે.

નૈતિક, સામાજિક અને રાજકીય જવાબદારી અંગેની **શ્રી નરેન્દ્રભાઈ**ની સમર્થ સભાનતાનું પ્રમાણ તેમની કાર્યક્ષમતા, પ્રમાણિકતા અને ધ્યેયપૂર્ણ નિષ્ઠા છે. તેઓશ્રી કળા અને સાહિત્યના વાહક અને ચાહક રહ્યા છે. તેમનો દૃઢ વિશ્વાસ, કાર્ય અને વિચારધારા ભારતને ઉન્નતિના શિખરે આરૂઢ કરશે તે નિઃશંક છે.

રાષ્ટ્ર સંપત્તિની ભાવના થકી યુવાધનનો ઉપયોગ સમાજના પ્રત્યેક વર્ગમાં સર્વાંગી વિકાસ સાધવા શકિતમાન થશે. બેરોજગારો માટે નિતનવી રોજગારીનું સર્જન થશે. ૨૦૧૪ થી ૨૦૧૯ ના મિશનથી શરૂઆત થઈ ચૂકી છે. ઈનોવેટીવ પગલા સાથે પ્રોત્સાહન અને ઉત્પાદન ક્ષેત્રે ઉચ્ચ

વિકાસદર સાધવા મદદરૂપ થશે. લોકોને સેવીંગ અને ઈન્વેસ્ટમેન્ટનું મહત્વ સમજાવવું પડશે. કૃષિ વાયદા ક્ષેત્રે ચોકકસ અંકુશો લાદવા પડશે. અનેકવિધ પરિબળોને ધ્યાનમાં રાખી યુટીલીટી તથા ઈન્ફ્રાસ્ટ્રકચર સેકટરને કેવું અને કેટલું મહત્વ આપવું તેનું જ્ઞાન **શ્રી નરેન્દ્રભાઈ**ના રકતમાં ભળેલું છે. મેન્યુફેકચરીંગ અને વિકાસ ક્ષેત્રે તથા ટૂર અને ટૂરિઝમ ક્ષેત્રે પ્રગતિની પારાશીશીને **શ્રી નરેન્દ્રભાઈ** પ્રાધાન્ય આપશે જ તેવું માનીએ તો તે અસ્થાને નથી જ.તેનું પ્રમાણ ગુજરાતની પ્રગતિએ સમગ્ર રાષ્ટ્રને આપ્યું છે.

ઉત્તેજનાત્મક અને આતુરતા પૂર્વકની લડતના ક્ષણેક્ષણના આપણે સૌ સાક્ષી બન્યા છીએ. **શ્રી નરેન્દ્રભાઈ**ની આંખો અને હૃદયમાં ભીનાશ છે પણ અડગ નિર્ણય શકિત થકી તેમનામાં પ્રવૃત્તિનું વરદાન વિકસ્યું છે. આલોચના અને શિખામણથી દૂર મહત્વના ધ્યેય માટે ન્યોછાવર ભાવના અને આદર્શોનું ગૌરવ તેમને ધન્યતા અપાવશે અને તેથી જ કદાચ **શ્રી નરેન્દ્રભાઈ**ના વ્યકિતત્વનું વ્યાસબિંદુ શોધવું સામાન્ય વ્યકિત માટે મુશ્કેલ છે.

**તો ચાલો, આ લોખંડી મહામાનવની ગુજરાતની સંસ્કારિતા અને સંસ્કારને સમગ્ર રાષ્ટ્રના ફલક સુધી પહોંચાડી સમસ્યાઓના સમાધાન સાથે વિકાસયાત્રાને અવિરત આગળ વધારવા ઈશ્વરના આશિષ સદૈવ પ્રાપ્ત થાય એ જ સમગ્ર રાષ્ટ્ની શુભેચ્છા.**

❑ **સંપાદક સમિતિ**


**Dr.DEEPAM SHAH**
(M.D., D.N.B., F.A.M)
Dermatologist,Cosmatologist & Hair Transplant Surgeon
Mob.No. 9869347949

TREATMENT OFFERED
Hair Groth, Hair Transplant, Skin Rejuvination
Acne/Pimples/Acne Scar/Psoriasis/ Warts/Skin Tags/Freckles
Stem Cell Therapy
Facial Pigmentation
Antiaging / Botox & Filters / Chamical Peels

**Consulting Room**
**Dr. Popat's Clinic**
Bombay Mutual Terrace, 2nd Floor
Sandhust Bridge, Opera House, Mumbai-400 004.
For Appt., 022-23690920/0986
Time : 6.00 pm -- 7.00pm ()Mon-Sat)

The Appollo Clinic
Eucharistic Congress Building, Convent Street,Opp. Cafe Leopord, Colaba, Mumbai-400 001
For Appt., 022-22021122
Time : 7.00 pm -- 9.00pm ()Mon-Sat)

ADVT


## ઢંઢેરવાડો – પાટણ

## શ્રી પંચાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ

દર પાંચ વર્ષે શ્રી પંચાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ આયોજન કરવાની મહોલ્લાની પરંપરા અનુસાર, તા. ૨૫ ડિસે. થી ૩૦ ડિસે. નાતાલની રજાઓ દરમ્યાન મહોત્સવ આયોજન કરવામાં આવેલ જેમાં ૫૦૦થી વધુ ભાવિકો સહભાગી થયેલ.

યોગાનુયોગ તે દરમિયાન પોષ સુદ ૧૦, ૨૭ ડિસેમ્બરે આવતા જન્મ કલ્યાણક નિમિત્તે ભવ્યાતિભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવવામાં આવેલ.આ પ્રસંગે ઘાટકોપર (મુંબઈ)થી ખાસ પધારેલ શ્રી સંજયભાઈ બાઉએ તીર્થંકરોના જન્મ કલ્યાણક અવસરે ત્રણે લોકમાં કેવું મનોહર વાતાવરણ સર્જાય છે તેમજ પાર્શ્વનાથ ભગવાનના ગુણોની વિશિષ્ટતાઓની તેમની ભાવસભર અને સરળ શૈલીમાં સમજણ આપી હતી. શ્રી દશરથભાઈએ સંગીતની મધુર સુરાવલીઓ રેલાવીને સોનામાં સુગંધ ભેળવી હતી. આ પ્રસંગે આચાર્યશ્રીજીએ તેમનાં પુનિત પગલાંથી મહોલ્લાને પાવન કરી, તીર્થંકરોના કલ્યાણકો અને ખાસ કરીને જન્મ કલ્યાણકની મહત્તા સમજાવી હતી.

મહોલ્લાના યુવાનોએ મહોત્સવ દરમિયાન જીવદયાનું અનેરૂં કાર્ય કર્યું હતું. મહોત્સવને અનુલક્ષીને કરેલ જીવદયા ફંડના ઉપયોગથી પાટણ ખાતે કસાઈ વાડે કતલ કરવા માટે તૈયાર રાખેલ અબોલ પશુઓને છોડાવી મહોલ્લાની પોળમાં લાવવામાં આવેલ. ત્યાં ઉપાશ્રયમાં બિરાજમાન પ. પૂ. સાધ્વીજી શ્રી વનિતાશ્રીજીના વરદ હસ્તે તેમના પર વાસક્ષેપનો છંટકાવ કરવામાં આવેલ અને ત્યારબાદ તેમને પાટણ પાંજરાપોળને સોંપવામાં આવેલ.

શ્રી જીનેશ હીરાલાલ મહેતાએ વિધિવત્ પૂજનો ભણાવ્યા બાદ મહોલ્લાએ ત્રણે જિનાલયોમાં ભવ્ય અંગરચના કરેલ જેના દર્શનનો લાભ મોટી સંખ્યામાં ભાવિકોએ લીધેલ. મહોત્સવ દરમિયાન પૂજન ભણાવવા માટે પધારેલ શ્રી ગોડીજી બેન્ડ B.A.S.M.ની સૂરાવલીઓથી વાતાવરણ ખૂબ ધર્મમય બની જતું હતું.

રાત્રિ સમયે મહોલ્લામાં જ્ઞાનવર્ધક અને મનોરંજનના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. તેમાં 'યુનાઈટેડ નેશન્સ કલ્ચરલ મીટ' (United Nations Cultural Meet) એક નોખા પ્રકારનો અને દુનિયાના વિવિધ દેશોની બોલી, વેશભૂષા તથા સંસ્કૃતિની ઝાંખી દર્શાવતો કાર્યક્રમ રહ્યો.

✷ ✷ ✷


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ – મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ●

ADVT

## સહાય મેળવવા માટેની અગત્યની સૂચના

સમાજના આર્થિક જરૂરિયાતવાળા કુટુંબો માટે એપ્રિલ-૨૦૧૪થી માર્ચ ૨૦૧૫ના વર્ષ માટે મંડળમાંથી વિવિધ સહાય મેળવવા માટે નવા અરજીપત્રકો તૈયાર કરવામાં આવેલ છે.

નવા અરજીપત્રકો મંડળના નીચે મુજબના **કાર્યાલયમાંથી તા. ૧૫-૦૫-૨૦૧૪થી** આપવાનું શરૂ કરવામાં આવેલ છે એ પૈકી શિક્ષાણ સહાય, મેડિકલ સહાય સિવાયના ફોર્મ તા. ૩૦-૦૬-૨૦૧૪ સુધીમાં ભરીને મોકલાવી આપવાના રહેશે, અરજીપત્રક ભરનાર અરજદારનું (૧) બેંક ઑફ બરોડા (૨) પાટણ કો-ઓપ. બેંક લિ. અને (૩) ગ્રેટર મુંબઈ બેંક – માંથી કોઈ પણ એક બેંકમાં ખાતું હોવું ફરજિયાત જરૂરી છે. મંજુર થયેલ સહાયની રકમ તેમના ખાતામાં ઈસીએસ થી ટ્રાન્સફર કરવામાં આવશે. અરજી પત્રક સાથે એક કેન્સલ કરેલો ચેક મોકલવાનો રહેશે.

**ખાસ નોંધ: જૂના અરજીપત્રકો સ્વીકારવામાં આવશે નહિ.**

**અરજીપત્રકો તથા એક્સરસાઈઝ નોટબુક મેળવવાના સ્થળો:**

(૧) શ્રી પાટણ જૈન મંડળ – મુખ્ય કાર્યાલય
૭૭, શ્રી પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ,
મુંબઈ-૪૦૦ ૦૨૦
ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮

(૨) શ્રી પાટણ જૈન મંડળ – શાખા કાર્યાલય
એ-૨૩/૧૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૮. ફોન : ૨૮૯૧૧૩૦૮.

(૩) શ્રી પાટણ જૈન મંડળ – શાખા કાર્યાલય
રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વેસ્ટ)
મુંબઈ-૪૦૦ ૦૬૨. ફોન : ૨૮૭૭૬૦૯૦.

(૪) શ્રી પાટણ જૈન મંડળ – શાખા કાર્યાલય
શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિ ગૃહપીપળા શેરી ,
પાટણ-૩૮૪૨૬૫. ફોન : ૦૨૭૬૬ ૨૨૦૭૧૫.

(૫) શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ,
C/o. પટણી એજન્સી, ૯/૧૧ બી,સર્વોદય એપાર્ટમેન્ટ,
નારાયણ નગર ક્રોસ રોડ, ભાઈંદર (વેસ્ટ)
ફોન નં.૨૮૦૪૭૭૩૭.
મો.: ૯૩૨૧૧૫૦૧૬૦

☐ **શ્રી પાટણ જૈન મંડળ**


### FOR SALE

Running Engineering Tools Business to sold with Goodwill, Space and Stock
Shop in heart of the market on main road.
Very lucrative retail counter
Location Ahnedabad
Interested parties can contactat 09428560479
Advt


## ... ને ઈતિહાસ સર્જાય છે !!

પરોઢે મંગળ પ્રાર્થના સાથે,
સરિતાના સ્વર, સૂરના
તાલે સંધ્યાએ આથડે,
પાશ્ચાત્ય સરગમના -
એ કર્કશ ઘોંઘાટમાં !

સંધ્યાકાળે નિશામાં ઓળઘોળ
થવા મજબુર બને છે-
સૂર્યાસ્તની ક્ષણો ચોરી,
થાંભલે પારેવા બેસે -
પાંખને સંકોરીને !

વહેલી સવારે સ્ફુરેલી વાતોનો
ઢળતી સોનેરી સંધ્યાએ
પણ અંત ક્યાં આવે છે ?
વણકહ્યાં ને વ્યથીત,
ડૂસકા સંભળાય છે !

ચંદ્રકળાના આછા અજવાશે
જ્યારે તારાઓ ટમટમે,
દિવ્ય ઝાંખા પ્રકાશમાં-
શ્રાવણીયા દર્દ ભીના,
અશ્રુઓ સરી પડે છે !

પંખીઓના મધુર કલરવે,
સૂરજને ચુમી આપીને
સાંજે લહેરાતા ઝીણા-
કિરણ સમીર સાથે,
સરકી, શમી જાય છે !

ઘુંઘરું લયબધ્ધ બની એવો,
ઝીણો ખણકાર કરે છે-
ઘૂઘવતા સાગર-વારી
વર્ષોની સાક્ષી પાળને
સતત અથડાય છે !

ને ઈતિહાસ સર્જાય છે !!

મ. ને




.dvt.

# કૃપાનુભૂતિ

જરાક શાંત ચિત્તે વિચારીએ તો સમજાય કે આપણું હોવું તે એની કૃપાના અસ્ખલિત પ્રવાહ વગર જરાય શક્ય નથી. પ્રતિક્ષણ શ્વાસોચ્છવાસ ચાલે છે તેથી તો આપણે 'છીએ'. બાળક જન્મે ત્યાં તો પ્રાણવાયુ તૈયાર હોય છે. એને તરસ લાગે ત્યાં તો પાણી તૈયાર હોય છે. એને ભૂખ લાગે ત્યાં તો માતાનું ધાવણ તૈયાર હોય છે.એને હૂંફ જોઈએ ત્યાં તો માતાની સોડ તૈયાર હોય છે. એ નીરખી શકે એ માટે પ્રકાશ તૈયાર હોય છે. એ હરીફરી શકે એ માટે અવકાશ તૈયાર હોય છે. એ વાત્સલ્ય માણી શકે એ માટે માતાનો ખોળો તૈયાર હોય છે. આવો કૃપા પ્રવાહ જીવન પૂરું થાય ત્યાં સુધી અટકતો નથી.

માણસની નાડીના ધબકારા ઘણુંખરું લયબદ્ધ રહે છે. માણસનું બ્લડપ્રેશર ઘણુંખરું નોર્મલ રહે છે. ઘણાખરા માણસો સગી આંખે આસપાસની સૃષ્ટિ જોઈ શકે છે. ઘણાખરા કાન જીવનભર સાંભળી શકે છે. તે જેવી તેવી કૃપા નથી. આકાશમાં પથરાયેલું મેઘધનુષ ભાળી શકાય છે.

કોયલના ટહૂકા સાંભળી શકાય છે. સ્વજનોનો હૂંફાળો સ્પર્શ પામી શકાય છે. ભરચક ટ્રાફિકમાંથી રસ્તો પાર કરી શકાય છે, કારણ કે સ્કૂટર દ્વારા ઝડપભેર નિર્ધારિત સ્થળે જઈ શકાય છે. પરિવારનો પ્રેમ જીવનમાં સ્વાદમાં વધારો કરનારો જણાય છે. પુષ્પોની સુગંધ પામી શકાય છે. ડુંગર ચડી શકાય છે. ખેતરમાં ડોલતાં કણસલાંને વિસ્મયપૂર્વક નિહાળી શકાય છે. અજાણી વ્યક્તિનું સ્મિત ઝીલી શકાય છે અને વરસાદમાં પલળી શકાય છે. ચૂલા પરથી ઉતરતો રોટલો ચાવીને ખાઈ શકાય છે.

કોઈના સુખે સુખી થઈ શકાય છે અને કોઈના દુઃખે દુઃખી થઈ શકાય છે. કશીક ઘટના બને ત્યારે બુદ્ધિપૂર્વક તર્કશુદ્ધ રીતે વિચારી શકાય છે. ક્યારેક કોઈની યાદમાં રડી શકાય છે. માણસને આનાથી વધારે બીજું શું જોઈએ ? કૃપાનો ધોધ તો વહેતો જ રહે છે.

વિખ્યાત સૂફી સંત રાબિયા પાસે એક મુસલમાને જઈને કહ્યું : 'મારુ માથું એવું તો દુઃખે છે કે પીડા સહન નથી થતી. થાય છે કે માથું કાપી નાખું.'

રાબિયાએ એના માથા પર હાથ ફેરવ્યો અને કહ્યું : 'અત્યાર સુધી માથું દુઃખતું નહોતું, ત્યારે કદી પણ તેં ખુદાનો આભાર માનેલો ખરો ?'

રાબિયાએ બહુ મોટી વાત કરી દીધી. સાંજે જમવા બેસીએ અને થાળીમાં ભોજન પિરસાય ત્યારે આપણે પ્રભુનો પાડ માનતા નથી. સાજાસમા હોવા બદલ આપણે ઈશ્વરના અનુગ્રહની નોંધ લેવાનું ચૂકી જઈએ છીએ. સંતાનો વિવેકી હોય ત્યારે આપણે તેને ઈશ્વરની મહેરબાની ગણીને એ માટે આભાર માનવાનું યાદ નથી રાખતા. દેખતો માણસ આંખનું મૂલ્ય સમજવામાં ગોથું ખાઈ જાય છે.

હૃદય રોગનો હુમલો થાય પછી હૃદયનું મૂલ્ય સમજાય છે. ડાયાલિસિસ કરાવવાની નોબત આવે ત્યારે કિડનીનું મહત્ત્વ સમજાય છે. ઊંઘની ગોળી લીધા પછી પણ ફાંફાં મારવા પડે ત્યારે ત્યારે માંડ સમજાય છે કે ઘસઘસાટ ઊંઘનાર ગરીબ આદમી કેટલો વૈભવશાળી છે.

જીવનની કહેવાતી નાની ઘટના પણ નાની નથી હોતી. પ્રતિક્ષણ માલિકના અનંત ઉપકાર હેઠળ હોવાની અનુભૂતિ ભક્તની સાચી અમીરાત છે.

**□શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**


## લગ્ન સંબંધી

**પુત્રનું નામ : કિંજલ શાહ**
માતાનું નામ :રેખાબેન હર્ષદભાઈ શાહ
પિતાનું નામ : હર્ષદભાઈ મણિલાલ શાહ
જન્મ તારીખ : ૨૨-૦૯-૧૯૮૧, સમય ૧૦.૩૨
ઊંચાઈ : ૫' ૧૦'', જન્મ સ્થળ : મુંબઈ
મુળ વતન : પાટણ (ખેજડાનો પાડો), અભ્યાસ : S.S.C.
ધંધો : ઈલેક્ટ્રીકલ કોન્ટ્રેક્ટર
ઑફિસ સરનામું : કુલદીપ ઈલેક્ટ્રીકલ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : 022-22066203.
ઘરનું સરનામું : ૩૯, પોપટવાડી, બીજે માળે, રૂમ નં. ૨૧,
કાલબાદેવી રોડ, ઈન્ડિયન આર્ટ સ્ટુડિયો પાસે, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ટેલિફોન : 022-22059816.મોબાઈલ : 9322071274,9869070336.
શોખ : ક્રિકેટ, સિનેમા જોવું, ખરીદી કરવી અને મુસાફરી કરવી. ADVT

શ્રી શાંતિનાથાય નમઃ

## પાટણ - આધુનિક કાપડ વિભાગ-૨૦૧૪

ત્રણ દરવાજા પાસે, કનાસાનો પાડો, પાટણ-ઉત્તર ગુજરાત

કનાસા કલ્યાણ કેન્દ્ર ખાતે છેલ્લા આઠ વર્ષથી ૧૨થી વધુ બહેનો **માતુશ્રી કેસરબેન નાનાલાલ મગનલાલ** કાપડ વિભાગમાં પ્રવૃત્તિ કરી રહેલ છે. ૨૦૧૪માં નાનાલાલ મગનલાલ પરિવાર તરફથી સિલાઈ માટેના **૧૨ (બાર)** ઑટોમેટિક આધુનિક મશીનો ભેટ આપવામાં આવેલ છે. આ વિભાગમાં બહેનો સ્વાવલંબનપૂર્વક વિવિધ આઈટમો બનાવે છે **જેના વેચાણ માટે આપના સહકારની જરૂર છે**.

આ આઈટમોમાં બટવા, સામાયિક બેગ, ગિફ્ટ કવર, ટ્રાવેલીંગ બેગ, શોપિંગબેગ, સાડી / ડ્રેસ કવર, ટીફીન બેગ, જ્વેલરી બોક્ષ બનાવીએ છે.

આ ઉપરાંત ગિફ્ટ માટે તથા પ્રભાવના માટે આપની જરૂરિયાત મુજબની આઈટમ ખૂબ જ વ્યાજબી ભાવથી બનાવી આપીશું.

આપનો પરિવાર, મિત્રો તથા સગા-સંબંધીઓ ઐતિહાસિક પાટણ શહેરના ભવ્ય જિનાલયો, શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાન ભંડાર, જગમશહુર પટોળા અને પર્યક સ્થળ રાણીની વાવની મુલાકાતે પાટણ આવો તો **અમારા કેન્દ્રમાં જરૂરથી પધારશો.**

આ સ્વાવલંબન યજ્ઞમાં આપ સહભાગી બની અમને આભારી કરશો.

**પાટણ શહેરના માનદ સંચાલકો:**

**મીનાક્ષીબેન રાજેન્દ્રભાઈ ● અરુણાબેન સુરેશભાઈ ● પલ્લવીબેન ઉમેશભાઈ ● વર્ષાબેન પ્રદીપભાઈ ● નયનાબેન વિક્રમભાઈ**

**સૌજન્ય : મિહિર ટેક્સટાઈલ્સ, કનાસાનો પાડો, પાટણ-ઉત્તર ગુજરાત**

**જા.ખ.**

સમય : સવારના ૧૦.૦૦ થી સાંજના ૬.૩૦ સુધી. ટે. નં. ૦૨૭૬૬ ૨૨૪૭૨૧, મોબાઈલ : ૦૯૫૮૬૫૧૭૦૨૨.

## પાટણ પંચાસરા ખાતે ક્લિનિકનું ઉદ્‌ઘાટન

પાટણ જેવા નગરમાં રોજેરોજ સોથી બસો જેટલા જૈન સાધુ-સાધ્વીજીઓની સેવા-સુશ્રુષા તથા દેખભાળનું વૈયાવચ્ચ કરવાનું કામ પાટણના જૈન સંઘો દ્વારા સુપેરે થઈ રહ્યું છે. તેવા જિનશાસનના સુવાસ રેલાવતા કેન્દ્ર સમા પંચાસરા વિસ્તારમાં ગરીબ મધ્યમવર્ગીય લોકોને નજીવા દરે તથા સાધુ-સાધ્વીજીઓના આરોગ્ય અને પરીક્ષણ અને સારવાર આપવાના શુભ આશયથી **'માતુશ્રી સોમીબા ક્લિનિક'** સાર્વજનિક દવાખાનું ઉદ્‌ઘાટન સમારંભ પ્રમુખ **શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ**ના વરદ હસ્તે તા. ૨૭-૦૪-૨૦૧૪ના કરવામાં આવેલ.

આ પ્રસંગે પંડિતવર્ય શ્રી ચંદ્રકાંત સંઘવીએ આશીર્વચન આપતાં જણાવેલ કે દાતા પરિવાર તરફથી સુકૃત પરંપરાનું સર્જન કરી પુણ્યનું ભાથું બાંધવામાં આવેલ છે.

આ પ્રસંગે ડિસ્પેન્સરીના સૌજન્યદાતા કેશુશેઠના પાડાના શ્રીમતી સોમીબેન બાલુભાઈ કરમચંદ શાહ પરિવાર વતી શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ, શ્રી ચીનુભાઈ નેમચંદભાઈ શાહ, ડૉ. રાજેન્દ્રભાઈ રમણલાલ શાહ, શ્રીમતી દેવિન્દ્રાબેન, શ્રી નીશીતભાઈ, શ્રી સુરેશભાઈ તથા ડૉ. સ્પિનાબેન શાહ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી જે. પી. શાહે કર્યું હતું.

✷ ✷ ✷


MATRIMONIAL

**NAME : MIHIR HARSHAD PARIKH**

FATHER'S NAME : HARSHAD VENICHANDBHAI PARIKH

MOTHER'S NAME : SUNANDA HARSHAD PARIKH

ADDRESS : ANDHERI (WEST). TELE No. 26835850. Mob. : 9819593002

DATE OF BIRTH : 22 ND JUNE 1977 ● 2.57 A.M. ADVT

EDUCATION : B. COM., HEIGHT : 5' 6"; NATIVE PLACE : KAPADWANJ. CASTE : D. JAIN. OCCUPATION : BUSINESS


## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

### Historical victory. The saffron conqueror.

આપણા જેવા સામાન્ય માણસને એટલું તો સ્વીકારવું પડશે કે કઠોર પરિશ્રમનો કોઈ પર્યાય નથી. સત્ય અને સાહસ જેની પાસે છે, તેની જીત હંમેશા થતી હોય છે. ૧૬ મી મે ૨૦૧૪ ની લોકસભાની ચૂંટણી પરિણામનો ઐતિહાસિક દિવસ દરેકને આજીવન યાદ રહેશે. એક નવા યુગનો આરંભ થયો છે. વડનગરમાં રેલ્વે સ્ટેશને ચા વેચનારામાંથી દેશના શાસક બનનાર, તળિયેથી ટોચ પર પહોંચનાર આ આગેવાન નરેન્દ્ર મોદીને નમો નમઃ !!!

લોકલાડીલા રાષ્ટ્રના સર્વાંગી વિકાસ અને હરણફાળ પ્રગતિ માટે ફકત લોહપુરૂષ, સ્પષ્ટ નિતિ, સફળ નેતૃત્વના ગુણ ધરાવતા, ભારત દેશના રાજ સિંહાસન ઉપર આરૂઢ થયેલા સર્વાધિક લોકપ્રિય માનવંતા મહાનાયક **શ્રી નરેન્દ્રભાઈ મોદી** દેશને વિકાસના પંથે લઈ જશે. મોદી પાસે જાદુઈ છડી તો નથી પણ એમના નામનું જાદુ અને સાદી છડી તો છે. દેશને એમના પર ભરોસો છે એમને દેશ પર ભરોસો છે. આવનાર દિવસોમાં દેશને પરિવર્તનની ઝાંખી થશે.

**હિરાબાનો આ લાડકવાયો નૂતન ભારતનો બનશે ઘડવૈયો**

*Narendra Damodardas Modi*
*The man who made his own luck*
*All the way vadnagar to Delhi*
*He is his own man*
*He is sharp political strategist*
*He is an ace communicator*
*That India's new Prime Minister*
*Will make his prescence*

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** તમને તમારા જ્વલંત વિજય માટે, ભારતમાં વિકાસ અને સુ-શાસનના નવા અધ્યાયના શુભારંભ નિમિત્તે લાખ લાખ હાર્દિક અભિનંદન. સમગ્ર ભારત સ્વર્ણિમ બને એવી શુભેચ્છાઓ.

**❑ શ્રી સુરેશ મોહનલાલ પાલેજવાળા**


**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોનઃ(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ ●

**પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે

advt

# વિકલાંગ ઉત્કર્ષ સમિતિ

**(વસતીપત્રક તેમજ દાતા અભિવાદન સમારોહ સમયે પ્રકાશિત પુસ્તિકામાં શતાબ્દી સંભારણામાં રહી ગયેલ વિગતો અત્રે પ્રસિધ્ધ કરવામાં આવે છે.)**

| | |
|---|---|
| સને ૧૯૯૯ | વિકલાંગ ઉત્કર્ષ સમિતિની સ્થાપના. |
| ૪-૧૨-૦૨ થી ૮-૧૨-૨૦૦૨ | પાલીતાણા તીર્થ યાત્રા-પ્રવાસ |
| ૨૧-૦૬-૦૩ | કાત્રજ - તળેગામ યાત્રા-પ્રવાસ - સૌજન્ય : શ્રીમતી સાધનાબેન નિરંજનભાઈ ચોકસી |
| ૧૪-૧૧-૦૩ થી ૧૮-૧૧-૦૩ | ઉવસ્સગહરમ્ યાત્રા-પ્રવાસ |
| ૩-૦૨-૦૫ થી ૭-૦૨-૦૫ | આબુ-દેલવાડા-પાવાપુરી-ભેરૂતારક યાત્રા-પ્રવાસ |
| ૩-૦૩-૦૬ થી ૧૦-૦૩-૦૬ | સમેત શિખરજી, લચ્છવાડ, ક્ષત્રિયકુંડ, પાવાપુરી, રાજગૃહી યાત્રા-પ્રવાસ - સૌજન્ય : શ્રી નવનીતભાઈ મણીલાલ શાહ ને શ્રી ચિરાગ ચંદ્રકાંતભાઈ અમૃતલાલ શાહ |
| ૧૬-૧૧-૦૬ થી ૧૯-૧૧-૦૬ | નાગેશ્વર યાત્રા-પ્રવાસ - શ્રીમતી ઉષાબેન વરજીવનદાસ શાહ |
| ૨૭-૧૧-૦૭ થી ૧-૧૨-૦૭ | ગીરનાર-જુનાગઢ યાત્રા-પ્રવાસ<br>સૌજન્ય : શ્રી ચિરાગ ચંદ્રકાંત અમૃતલાલ શાહ |
| ૧-૦૭-૨૦૦૮ | લોનાવાલા પ્રવાસ - શ્રી સતીશભાઈ અને કોકીલાબેન નવીનભાઈ |
| ૧૭-૧૧-૦૮ થી ૨૬-૧૧-૦૮ | જોધપુર-જેસલમેર-જયપુર યાત્રા-પ્રવાસ - સૌજન્ય :શ્રી પ્રકાશભાઈ તુલસીદાસ ગાંધી-અબુધાબી |
| ૨-૦૩-૨૦૦૯ | મહાવીર ધામ યાત્રા-પ્રવાસ - સૌજન્ય : શ્રીમતી હંસાબેન પ્રફુલ્લભાઈ જયંતિલાલ શાહ |
| ૧૨-૦૧-૨૦૧૦ | શાહપુર યાત્રા-પ્રવાસ - સૌજન્ય : શ્રીમતી કિરણબેન પ્રવીણચંદ્ર કાંતીલાલ શાહ (મશરૂવાળા) |
| ૫-૨-૧૦ થી ૧૦-૨-૨૦૧૦ | ઉદયપુર-રાણકપુર યાત્રા-પ્રવાસ - સૌજન્ય : શ્રી ચિરાગ ચંદ્રકાંત અમૃતલાલ શાહ |
| ૨૪-૧૧-૧૦ થી ૨૮-૧૧-૧૦ | વડાલી-હિમ્મતનગર યાત્રા-પ્રવાસ - સૌજન્ય : શ્રી વિજયભાઈ |
| ૨૩-૦૩-૨૦૧૧ થી ૨૮-૦૩-૨૦૧૧ | કચ્છ દર્શન -પ્રવાસ - સૌજન્ય : શ્રી ચિરાગ ચંદ્રકાંત અમૃતલાલ શાહ |
| ૧૬-૧૧-૧૧ થી ૧૭-૧૧-૧૧ | ભિનમાલ ૭૨ જિનાલય યાત્રા-પ્રવાસ - સૌજન્ય : શ્રીમતી મંજુલાબેન મંગલપ્રભાત લોઢા |
| ૧૮-૧૧-૨૦૧૧ | ફીઝીયોથેરાપી મેડીકલ કેમ્પ-પાટણ -સૌજન્ય:શ્રી શાંતીભાઈ સંઘવી - લાયન્સ કલબ ઓફ તારદેવ<br>કમરના પટ્ટા, ઘુંટણની કેપ, ગળાના કોલર, કેલ્શિયમ ટેબ્લેટનું વિનામૂલ્યે વિતરણ<br>લગભગ ૭૦૦ ભાઈ-બહેનો સહિત, સાધુ-સાધ્વી ભગવંતોએ લાભ લીધેલ. |
| ૮-૦૨-૧૨ થી ૧૩-૦૨-૧૨ | હૈદ્રાબાદ - કુલપાકજી યાત્રા-પ્રવાસ - સૌજન્ય : શ્રી હર્ષભાઈ દિપકભાઈ જેશીંગલાલ શાહ |
| ૪-૧૨-૧૨ થી ૭-૧૨-૧૨ | અંતરીક્ષજી - આકોલા યાત્રા-પ્રવાસ - સૌજન્ય : શ્રી જે. કે. શાહ |
| ૨૫-૦૨-૧૩ થી ૩-૦૩-૧૩ | દિલ્હી, આગ્રા અને હસ્તિનાપુર યાત્રા-પ્રવાસ - સૌજન્ય : શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ |
| ૨૫-૦૫-૨૦૧૩ | લોઢાધામ યાત્રા-પ્રવાસ - સૌજન્ય : શ્રી મંગલપ્રભાત લોઢા |
| ૨૦-૧૧-૧૩ થી ૨૩-૧૧-૧૩ | ભોયણી, રાંતેજ યાત્રા-પ્રવાસ - સૌજન્ય : શ્રી શરદભાઈ તથા શ્રી મનુભાઈ |
| ૨૪-૧૧-૧૩ થી ૨૫-૧૧-૧૩ | ફીઝીયોથેરાપી મેડીકલ કેમ્પ - સૌજન્ય : એક ભાઈ<br>કમરના પટ્ટા, ઘુંટણની કેપ, ગળાના કોલર કે કેલ્શયમ ટેબ્લેટ, પેઈન રીલીફ જેલ તથા બિસ્કીટનું વિનામૂલ્યે વિતરણ<br>૧૨૦૦ થી વધુ ભાઈ-બહેનો, સાધુ-સાધ્વી ભગવંતોએ લાભ લીધેલ. |
| ૨૫-૦૧-૧૪ થી ૩૦-૦૧-૧૪ | મૈસુર-બેગ્લોર - કૃષ્ણાગિરિ - પ્રવાસ<br>સૌજન્ય : સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ - બેંગ્લોરથી દરેકને વિમાન પ્રવાસ દ્વારા મુંબઈ. |

## સિધ્ધહેમ જ્ઞાનપીઠ - પાટણ

**સાધુ-સાધ્વીજી ભગવંતો અને મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન માટે આર્થિક સહયોગ આપનાર મહાનુભાવો**

- શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કું.) રિલીજીયસ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- મે. કે. સેવંતીલાલ એન્ડ કું. (ચિતારાની ખડકી)
- મે. મિલન જ્વેલર્સ (ઝવેરી વાડો)
- શ્રી ચિરાગભાઈ દિનેશભાઈ શાંતિલાલ શાહ (બ્રાહ્મણ વાડો)
- શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (બ્રાહ્મણ વાડો)
- શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
- શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ (વાલકેશ્વર)
- શ્રી જવાહર નગર જૈન શ્વેતાબર મૂર્તિપૂજક સંઘ (ગોરેગામ)
- શ્રી શિરીષભાઈ રસિકલાલ શાહ પરિવાર (ઝવેરીવાડો) કલકત્તા
- શ્રી પ્રમોદભાઈ મણિલાલ શાહ (ખેતરવસી)

**વિવિધ સંઘોના ટ્રસ્ટીઓને આગ્રહભરી વિનંતી આપના જ્ઞાન ખાતાના ફંડમાંથી સિધ્ધહેમ જ્ઞાનપીઠ માટે દાન આવકાર્ય**

## મરીનડ્રાઈવના આંગણે વરસીતપોત્સવના સામુહિક પારણા

શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ દ્વારા તા.૨૭-૦૪-૨૦૧૪ થી તા.૨-૦૫-૨૦૧૪ દરમ્યાન શ્રી પાટણ જૈન મંડળ, મરીન ડ્રાઈવના પરિસર તેમજ શ્રીનિકેતન ગાર્ડન ખાતે દ્વિતીય વરસી તપના આધારક પૂ.મુનિપ્રવર શ્રી રશ્મિરત્ન વિજયજી મ.સા., પૂ.મુનિવર્ય શ્રી હિતરત્ન વિજયજી મ.સા., પૂ.મુનિરાજ શ્રી પરાગરત્ન વિજયજી મ.સા. તેમજ પૂ.વિદુષી પ્રર્વતીની સાધ્વીજી વસંત પ્રભાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સર્વ પ્રથમવાર સામુહિક વરસી તપ સમાપન સમારોહનું આયોજન કરવામાં આવેલ, જેમાં કુલ ૮૫ ભાઈ-બહેનોના વરસીતપના પારણા થયા.

મહોત્સવ દરમ્યાન રવિવાર, તા.૨૭-૦૪-૨૦૧૪ ના તપસ્વીઓનો ભવ્ય વરઘોડો, રાત્રે લાઈવ 'Jain Quaizzcal Meet' નો ભવ્ય K.B.S.નું આયોજન,ભકતામર મહાપૂજન તથા પાર્શ્વ પંચ કલ્યાણ પૂજા રાખવામાં આવેલ. રાત્રે ૮.૩૦ કલાકે મરીન ડ્રાઈવ જૈન પાઠશાળાના બાળકો દ્વારા વિશિષ્ઠ સ્ટેજ કાર્યક્રમ 'આદિશ્વર અલબેલો રે'નો સ્ટેજ કાર્યક્રમ, નવપદજીની પુજા, પ્રભુજીની ભકિતભાવના, અતુલભાઈ (સી.એ.)ની સંગાથે 'ચાલો ગિરિવરની ટોચે' અને શત્રુંજય શિલાપૂજન, મહાસાંજી, મહેંદી રસમ, રત્નત્રયમ પાઠશાળાના બાળકો દ્વારા સુંદર સ્ટેજ કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં સૌએ ઉત્સાહભેર ભાગ લીધેલો.

તા.૧-૦૫-૨૦૧૪ ના વરસી તપના તમામ તપસ્વીઓનો ભવ્ય શાહી સન્માન સમારોહ તપોવંદનાનું ભવ્ય આયોજન રાખવામાં આવેલ, જેમાં સંઘ દ્વારા તેમજ અન્ય સખાવતીઓ દ્વારા તપસ્વીઓનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવેલ. સાંજે ૭.૦૦ કલાકે ભવ્યાતિભવ્ય મહાપુજા તથા સમ્રાટ કુમારપાળ મહારાજાની આરતીનું આયોજન રાખવામાં આવેલ.

તા.૨-૦૫-૨૦૧૪ ના સામુહિક તપસ્વી પારણાનું ભવ્ય આયોજન શ્રીનિકેતન વાટીકામાં રાખવામાં આવેલ. બપોરે આદિ જિન પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન નવકારશી તથા સ્વામિવાત્સલ્ય તેમજ સુંદર રંગોળીની રચનાઓ પણ મંડળના લાયબ્રેરી હોલ ખાતે રાખવામાં આવેલ, તેને સૌએ વધાવી લીધેલ.

સમગ્ર કાર્યક્રમને પહોંચી વળવા દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ દાન પ્રવાહ સર્વે દાતાઓનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે. ઉપરાંત મરીન ડ્રાઈવ ખાતેના યુવા કાર્યકર ભાઈ-બહેનો તથા ટ્રસ્ટી ગણના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમ સંપૂર્ણ સફળતાને વરેલ, તે શ્રી પાટણ જૈન મંડળ દ્વારા અપાયેલ અમૂલ્ય યોગદાન બદલ સર્વે હોદ્દેદારો તથા કર્મચારી ગણ પ્રત્યે વિશેષ આભાર વ્યકત કરવામાં આવે છે.

**વરસી તપના આરાધકોની નામાવલિ :**

| | | |
|---|---|---|
| ભારતીબેન મહેન્દ્રભાઈ શાહ | ૭૫ | ખેતરવસી |
| કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ | ૫૧ | ખેતરવસી |
| મનીષાબેન કેતનભાઈ શાહ | ૫૦ | ખેતરવસી |
| મૌલિક નરેન્દ્રભાઈ પરીખ | ૪૧ | કસુંબીયાવાડો |
| લહર મૌલિકભાઈ પરીખ | ૩૬ | કસુંબીયાવાડો |
| રાજેશભાઈ પ્રેમચંદ શાહ | ૫૭ | માર.મહેતાનો પાડો |
| મયુરીબેન રાજેશભાઈ શાહ | ૫૧ | માર.મહેતાનો પાડો |
| જતીનભાઈ કીર્તિકુમાર શાહ | ૫૧ | કુંભારીયાપાડો |
| શૈલાબેન જતીનભાઈ શાહ | ૪૭ | કુંભારીયાપાડો |
| વીનેશ અરવિંદભાઈ શાહ | ૩૮ | ખેજડાનો પાડો |
| અલ્પાબેન વિનેશભાઈ શાહ | ૩૯ | ખેજડાનો પાડો |
| ઉર્મીલ રાજેન્દ્રભાઈ શાહ | ૪૧ | ભાભાનો પાડો |
| સોનલ ઉર્મીલભાઈ શાહ | ૩૮ | ભાભાનો પાડો |
| ભારતીબેને હેમેન્દ્રભાઈ શાહ | ૭૫ | મણીયાતી પાડો |
| દેવાંગ હેમેન્દ્રભાઈ શાહ | ૪૧ | મણીયાતી પાડો |
| મંજરીબેન દેવાંગભાઈ શાહ | ૪૦ | મણીયાતી પાડો |
| દીનાબેન હેમેન્દ્રભાઈ શાહ | ૬૭ | માર.મહેતાનો પાડો |

## Interest Free Loan in US $ for Higher Education

- **Mr. Nitinbhai Jayantilal Shah and Mrs. Meena Nitin Shah Chicago, USA has agreed to become SponsorMentors for one Patani Student Studying in India and planning to pursue Post Graduation study in USA.**
- ***SponsorMentor*** *will provide* ***interest free repayable loan upto US $ 20,000 per year*** *for two years* ***(total upto US $ 40,000)*** *to the student*

**Eligible Students may Contact**

***Jimmyben Tarang Shah*** *9820969910*

***Amitbhai Sevantilal Shah*** *9820048992*

***Rajkumar Navinchandra Shah*** *9819079995*

***Shree Patan Jain Mandal***

*77, Patan Jain Mandal Marg, Gr. Flr.,*

*Marine Drive, Mumbai 400020*

*E-mail: patanmandal@gmail.com*


advt

### ADMISSION

Career Councelling Free Admission Guidance
M.B.B.S., B.D.S., M.D., Homoeopathy, B.PTH., Engeeneering, M.B.A.
CONTACT : 72084 95266 – 9930099110.

**FREE CONSULTATON**

advt

### દુ:ખાવા મટાડો

શું તમો દવા ઑપરેશન વગર કમર, ઘૂંટણના દુ:ખાવાથી મુક્ત થવા માગો છો ?નીચે બેસતા, ઉઠતા, પડખું ફેરવતા, દાદરો ચઢ ઉતર કરતાં જે દુ:ખાવો થાય છે તો તેમાં પહેલી સીટીંગમાં રીઝલ્ટ દેખાય છે. પછી કસરત કરવી.

ફોનઃ ૯૮૩૩૦૯૯૧૧૦ – ૯૯૩૩૦૯૯૧૧૦

**ફ્રી કન્સલ્ટેશન**

advt

| | | |
|---|---|---|
| દીનાબેન શરદભાઈ શાહ | ૬૧ | વખતજીની શેરી |
| ચારૂબેન તુષારભાઈ શાહ | ૫૨ | ઢંઢેરવાડો |
| દીનાબેન ચંદ્રકાંત શાહ | ૬૮ | વખતજીની શેરી |
| પારૂલબેન દિપકભાઈ શાહ | ૪૯ | કનાસાનો પાડો |
| હેતલબેન વિપુલભાઈ નગરશેઠ | ૩૯ | મણીયાતી પાડો |
| કાનલ પ્રીતેશભાઈ શાહ | ૩૮ | માર.મહેતાનો પાડો |
| હેમાબેન દર્શનભાઈ શાહ | ૪૫ | ખજુરીનો પાડો |
| નિકીતાબેન મનીષભાઈ શાહ | ૪૫ | મહાલક્ષ્મી માતાનો પાડો |
| જયશ્રીબેન રાજીવભાઈ શાહ | ૪૭ | સિધ્ધચક્રની પોળ |
| સ્પેનલ જીજ્ઞેશભાઈ શાહ | ૪૨ | કેશુશેઠનો પાડો |
| કલ્પનાબેન અતુલભાઈ શાહ | ૫૨ | સંઘવીનો પાડો |
| પારૂબેન કૌશીકભાઈ શાહ | ૫૫ | મણીયાતી પાડો |
| કામીનાબેન પીયુષભાઈ પટણી | ૪૭ | મનમોહનજીનીશેરી |
| સુભદ્રાબેન અમૃતલાલ પટણી | ૮૪ | મનમોહનજીનીશેરી |
| મંજુલાબેન મહેન્દ્રકુમાર શાહ | ૬૦ | વસાવાડો |
| જશવંતીબેન રમણલાલ શાહ | ૭૮ | વખતજીની શેરી |
| દિપીકાબેન એવંતીલાલ શાહ | ૬૨ | માર.મહેતાનો પાડો |
| જયોતિબેન ભરતભાઈ શાહ | ૫૮ | કનાસાનો પાડો |
| નીતાબેન હરેશભાઈ શાહ | ૫૫ | કનાસાનો પાડો |
| ભારતીબેન જયંતભાઈ શાહ | ૬૭ | ખેતરપાળનો પાડો |
| તેજલ ધીરેશભાઈ શાહ | ૩૯ | ખેતરપાળનો પાડો |
| હીનાબેન મહેશભાઈ શાહ | ૫૬ | ઝવેરીવાડો |
| ડીનલબેન હિતેશભાઈ શાહ | ૪૦ | વાસુપૂજયનીશેરી |
| રૂપાબેન પુલીનભાઈ શાહ | ૪૦ | માર.મહેતાનો પાડો |
| પરેશાબેન મહેશભાઈ શાહ | ૬૦ | લખીયારવાડો |
| રીટાબેન નીતીનભાઈ શાહ | ૫૨ | પોળની શેરી |
| શશીકાંતભાઈ નેમચંદ બેન્કર | ૭૮ | માર.મહેતાનો પાડો |
| ભાવેશભાઈ પીયૂષભાઈ સંઘવી | ૪૩ | વાગોળનો પાડો |


Ganpatbhai : 98200 75788
Prakashbhai : 93222 63603

**SAGAR CATERERS**

**JAIN SPECIALISTS**

`CHANDRAMANI', Plot No. 788, Hanuman Road,
Near Jain Temple. Vile Parle (E), Mumbai-400 057.
Off. : 2611 7310 / 3297 0445 Resi : 2683 1483
E-mail : sagarcaterers25yearsold@gmail.com
ADVT


## શ્રી મરીનડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ યોજિત વરસીતપના તપસ્વીઓના બહુમાન સમારંભ સમયે શ્રી નરેન્દ્રભાઈ બાબુલાલ શાહના વક્તવ્યના અંશ...

'વર્ષીતપ, ઉપધાનતપ, સિદ્ધિતપ વગેરે મોટા તપની મોનોપોલી પણ મોટા સંઘની જ હોય છે, જેમકે વાલકેશ્વર, સાયન, માટુંગા, બોરીવલી, ચેમ્બૂર સંઘ. આપણાં જેવા નાના સંઘે તો છાપામાં કે પત્રિકા દ્વારા વાંચવાનું જ હોય છે કે ફલાણા સંઘમાં ફલાણા મહાત્મા વર્ષીતપ, ઉપધાન તપ કરાવે છે. જો શ્રાવક કે ક્ષાવિકાની ઈચ્છા હોય બે ફોટા સાથે ફોર્મ ભરી દેજો વિગેરે.

'પણ આ સંઘમાં **પ. પૂ. શ્રી રશ્મિરત્ન વિજયજી મ. સા.**ના નામે એક અજબ ગજબ મહાત્મા પધાર્યા અને તેમણે તો નક્કી કરી નાખ્યું હતું કે મારે આ સંઘમાં કાંઈ અજબ ગજબ કરવું છે. તેમની કોઠાસૂઝ અને આત્મ વિશ્વાસ દ્વારા impossible mission ને possible કરી આ સંઘમાં ઉપધાન તેમ જ વર્ષીતપ કરાવીને એક અજબ ગજબ કામ કરી બતાવ્યું અને જોતજોતામાં ૮૫ શ્રાવક-ક્ષાવિકાઓને વર્ષીતપ કરાવ્યો. આ માટે સંઘ તેમનો ઋણી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૮૫ તપસ્વીઓમાં એક બહેન છે જેની વય પણ ૮૫ વર્ષની છે.

હવે આપણે તપસ્વીઓની વાત કરીએ. સૌથી પહેલાં દરેક ૮૫ તપસ્વીઓને ૮૫ વખત વંદન તેમ જ ૮૫ વખત અનુમોદના.

**ફાયદા :**

(૧) વર્ષીતપનો સૌથી મોટોફાયદો એ છે કે વર્ષીતપ એવો હાઈડ્રોજન બૉંબ છે તમારા કર્મ રૂપી બાંધેલા મહેલને જમીનદોસ્ત કરી નાખે છે અને દેવલોકમાં જવાનું લાઈસન્સ આપી દે છે.

(૨) તપસ્વીનું વજન ૬૦થી ૬૫ કિલો હોય તે ૪૦ કિલો થઈ જાય છે.

(૩) શ્રાવક પાતળો હોય અને શ્રાવિકાએ વર્ષીતપ કર્યો હોય તો કપલ મૅચ થઈ જાય છે.

અંતમાં બંને મહાત્માઓએ ખાલી આંગળી ચીંધવાનું પુણ્ય નથી કર્યું પણ તેઓ પણ આ તપમાં જોડાયા છે માટે તેમની અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

સામાયિકની ભાષામાં કહીએ તો સાહેબે વર્ષીતપનું કરેમી ભંતમ અને સામાઈયવયજુત્તો બંને આ સંઘમાં જ કર્યું.

પૂજ્યશ્રી પાસે **પ.પૂ. મુનિ હિતરત્ન વિજયજી મ. સા. અને પ.પૂ. મુનિ પ્રશમરત્ન વિજયજી મ. સા.** જેવા શિષ્યો છે માટે સાહેબ નિશ્ચિંત બનીને આવા મહાન અનુષ્ઠાનો સફળતાપૂર્વક પાર પાડી શકે છે.

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા પોરવાલ | અજિતનાથની પોળ | મહેશભાઈ મહાસુખલાલ શાહ | ૬૧ | મુંબઈ-ચોપાટી | ૦૪-૦૫-૨૦૧૪ | વૈશાખ સુદ-૦૫ |
| વિશાશ્રીમાળી | વખતજીની શેરી | નેમચંદભાઈ મોહનલાલ શાહ | ૧૦૦ | મુંબઈ-વાલકેશ્વર | ૦૫-૦૫-૨૦૧૪ | વૈશાખ સુદ-૦૬ |
| વિશાશ્રીમાળી | શાંતિનાથની પોળ | ઈન્દિરાબેન મહાસુખલાલ પાલેજવાળા | ૮૦ | મુંબઈ-ઘાટકોપર | ૦૫-૦૫-૨૦૧૪ | વૈશાખ સુદ-૦૬ |
| દશા ઓસવાલ | પંચોટીનો પાડો | કલાવતીબેન પ્રેમચંદ સંઘવી | ૮૪ | મુંબઈ-વાલકેશ્વર | ૧૦-૦૫-૨૦૧૪ | વૈશાખ સુદ-૧૧ |
| વિશાશ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | કુ. તેજલ મહેન્દ્રભાઈ બેંકર | ૪૪ | મુંબઈ-મરીનડ્રાઈવ | ૧૧-૦૫-૨૦૧૪ | વૈશાખ સુદ-૧૨ |

*ચક્ષુદાન કરેલ છે. ✷દેહદાન કરેલ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ** દેહદાન કરો અને કરાવો

# સાભાર-સ્વીકાર

**મેડિકલ સહાય ભેટ તથા વૃદ્ધજન સહાય ભેટ**

૨૦૦૦૦૦ સ્વ. શ્રી નવીનચંદ્ર મોહનલાલ શાહ (ગાંભુવાળા)ના સ્મરણાર્થે
હસ્તે : શ્રીમતી દમયંતીબેન નવીનચંદ્ર શાહ (વખારનો પાડો)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૧૦૦૦૦૦ શ્રી જવાહરનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-ગોરેગામ

**આર્થિક સહાય કોરપસ ફંડ**

૧૦૦૦૦૦ શ્રી કલ્પેશભાઈ પ્રવીણચંદ્ર મણિલાલ શાહ (બ્રાહ્મણવાડો)

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૧૦૦૦૦૦ જે. કે. ફાઉન્ડેશન (ભાભાનો પાડો)
હસ્તે : શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ
(કપૂર મહેતાનો પાડો)

**દવા સહાય તથા શિક્ષણ સહાય ભેટ**

૫૦૦૦૦ સ્વ. ડૉ. સુરેશભાઈ મનસુખલાલ શાહ
(અબજી મહેતાનોનો પાડો)
હસ્તે : ડૉ. આશિષભાઈ સુરેશભાઈ શાહ તથા
ડૉ. દીનાબેન સુરેશભાઈ શાહ
ચિ. મનિષ સુરેશભાઈ શાહની અમેરિકામાં ફેડરલ જજ તરીકે નિમણૂક થયાની ખુશાલીમાં.

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧૫૦૦૦ શ્રીમતી પન્નાબેન વિનોદભાઈ કાંતિભાઈ દોશી પરિવાર
પાટણ દિશા કાર્યશાળાના બાળકોને દર બેસતા મહિને જમણવારના (બાર માસના)

૮૦૦૦ કુ. તેજલબેન મહેન્દ્રભાઈ નેમચંદભાઈ બેંકર
(મારફતિયા મહેતાનો પાડો)
પાટણ દિશા કાર્યશાળાના બાળકોને બિસ્કીટના (બાર માસ)

૫૦૦૦ શ્રીમતી કુસુમબેન સૂર્યકાંતભાઈ શાહ

**હેલ્થકેર સાધન ભેટ**

૧૦૦૦૦ શ્રી વિનોદભાઈ નેમચંદ શાહ (વખતજીની શેરી)
સ્વ. શ્રી નેમચંદભાઈ મોહનલાલ શાહના સ્મરણાર્થે

**વૃદ્ધજન સહાય ભેટ**

૫૦૦૦ શ્રીમતી કુસુમબેન મહાસુખલાલ શાહ (ખેતરવસી)
સ્વ. શ્રી મહાસુખલાલ સોભાગચંદ શાહના સ્મરણાર્થે

### શ્રી પાટણ જૈન મંડળને ઑક્સિજન મશીનની ભેટ

**શ્રી નિરંજનભાઈ મુલચંદ શાહ, મીનાબેન, પ્રેમલભાઈ, જીનિતાબેન, વિઆન** પરિવાર, ફોફલિયા વાડો-પોળની શેરી, તરફથી ઑક્સિજન મશીન શ્રી પાટણ જૈન મંડળના રતનનગર ખાતેના હેલ્થકેર સેન્ટરને ભેટ મળેલ છે. સંસ્થા સહર્ષ સ્વીકાર કરી આભાર માને છે.

# શ્રી સિધ્ધહેમ જ્ઞાનપીઠ-પાટણ

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત ચાલતી શ્રી સિધ્ધહેમ જ્ઞાનપીઠ પ્રવૃત્તિને વિસ્તરીત કરવાના શુભ આશયથી શ્રી ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં વૈશાખ સુદ ૧૦ તા.૯-૦૫-૨૦૧૪ ના ગોળશેરી ખાતેના "દિવાળીબાઈ ભવન" ખાતે **શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ**ના વરદહસ્તે પુનઃ શુભારંભ કરવામાં આવેલ છે. મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં સાધુ-ભગવંતોના મુખે સરસ્વતી સ્તુતિ તથા માંગલિક સંભળાવી વાતાવરણને ધર્મમય બનાવેલ. આ પ્રસંગે પન્યાસ પ્રવર **દિવ્યકીર્તિવિજયજી મ.સા., પૂજય નિર્મળબોધી વિ.મ.સા. તથા પૂ.દિવ્ય રત્નવિજયજી મ.સા.** તેમજ વિશાળ સંખ્યામાં સાધુ-સાધ્વીજી ભગવંતો ઉપસ્થિત રહેલ.

આ અવસરે **આર્કીટેકટ શ્રી અશ્વીનભાઈ ગાંધી**નું અભિવાદન કરવામાં આવેલ.તેમજ પાટણ ખાતે જ્ઞાનનું દાન કરનારા શિક્ષક તથા શિક્ષિકા ભાઈ-બહેનોનું પણ બહુમાન કરવામાં આવેલ.કાર્યક્રમના સમાપન પશ્ચાત પધારેલ સૌ મહેમાનો પાટણ જૈન ભોજનશાળા ખાતે નવકારશી સાધર્મિક ભકિતનો લાભ લીધો હતો.

* * *

**જ્ઞાનપીઠ પ્રવૃત્તિમાં શ્રી ચંદ્રકાંતભાઈ પંડિત દ્વારા ભણાવવા માટેના વર્ગો.**

**સિધ્ધહેમ લઘુવૃત્તિ અધ્યાય - ૪, સિધ્ધહેમ લઘુવૃત્તિ અધ્યાય - ૨, અધ્યાત્મ સાર, દંડક પ્રકરણ, હેમ-સન પ્રવેશિકા પ્રથમા, યોગવાંશિકા**

ઉપરોકત અભ્યાસક્રમના વર્ગોમાં સાધુ-સાધ્વીજી તથા મુમુક્ષુઓ હાલમાં ભણી રહ્યા છે. ઉપરોકત અભ્યાસક્રમમાં શિખવાની ભાવના હોય તેમનું સ્વાગત છે.

બીજા વિષયોના અભ્યાસક્રમો જયારે શરૂ કરવામાં આવશે, તેની સમયાંતરે જાહેરાત કરાશે. સિધ્ધહેમ પ્રવૃત્તિ સંચાલન બાબતે આપના સર્કલમાં પણ જાહેરાત કરશો, જેથી તેઓને પણ વધુમાં વધુ લાભ આપી શકાય.

# પંચાસરા પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ

મુંબઈમાં વસતા પાટણના વર્ષીતપ, સિદ્ધિતપ અને માસક્ષમણના મોટા તપસ્વીઓનો બહુમાન મેળાવડો તા. ૧૫.૦૬.૨૦૧૪, જેઠ વદ ૩, રવિવારે બપોરે ૩.૩૦ વાગે, **શ્રી પાટણ જૈન મંડળ હોલ**, ૭૭ મરીનડ્રાઈવ રાખેલ છે.

અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે. સૌને સમયસર પધારવા વિનંતી છે.

વર્ષીતપ સિવાયના તપસ્વીઓ-૨૫ લાખ સામુદાયિક સામાયિક, ચોમાસુ, નવાણું, ઉપધાન અને રાત્રિ ભોજન ત્યાગીઓ-આરાધકોને પ્રભાવના તા. ૨૨.૦૬.૨૦૧૪ રવિવારે બપોરના સૌ સૌના સેન્ટર ઉપર અપાશે.

### વિકલાંગ કાર્યક્રમ

વિકલાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા બાળકો માટે મંગળવાર, તા.૨૦-૦૫-૨૦૧૪ ના આર.સીટી મોલ, ઘાટકોપર ખાતે, હવા હવાઈ પીકચર તથા રાજધાની હોટલમાં જમવાનો એક કાર્યક્રમ રાખવામાં આવેલ.

PATAN PRATIBIMB ● MAY 2014 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th & 26th of every month. Regd. No. MH / MR/ South–135 / 2012–14
Published on 15th of every month

## SHREE PATAN JAIN MANDAL

## SAMAJ VIKAS FUND

### MEDICINE (DAWA) SAHAY YOJNA & PUBLIC HEALTH CARE CENTRE FUND

SHRI PRAVINCHANDRA KESARICHAND SHAH — Rs. 1.01 CRORE
BY SHRI TUSHARBHAI AND SHRI JAYESHBHAI [Dhandherwado]

### EDUCATION SAHAY CORPUS FUND

SEVANTILAL KANTILAL TRUST — Rs. 80 LACS

### SAMAJ VIKAS CORPUS FUND

SMT MINABEN & SHRI NITINBHAI JAYANTILAL GABHRUCHAND SHAH & FAMILY USA (Khetarvasi) — Rs. 54 LACS

- Smt. Subhadraben Ramanlal Shah Charitable Trust, Kumbharia Pado
- Shri Mafatlal Chudghar Charitable Trust, Chodhrini Sheri
- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Late Shri Pramodbhai Bhogilal Jhaveri (Sayba), (Chodhrini Sheri)
  By : Smt. Maltiben, Smt. Falguniben & Shri Devangbhai Jhaveri
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado
  By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah,
  By : Shri Jitenbhai, Kanasano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah,
  By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah,
  By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri
  By : Shri Hitenbhai Pravinchandra Shah
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Shri Virendrabhai Popatlal Shah, Mallatno Pado
- Shri Maulikkumar, Divyabalaben, Navinbhai Shah, Pole ni Sheri
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Premlataben & Shri Pratapbhai Punamchand Jaswa (Kasumbia Vado)
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Smt. Hansaben Manaharlal Keshavlal Shah, Lahiarvado
- Late Shri Balubhai Chhotalal Shah,
  By : Smt. Hansaben, Khadakhotdi no Pado
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty.
  In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Late Shri Sevantilal Chhaganlal Shah
  By: Shri Sharadbhai and Shri Harshadbhai (Tamboli Vado)
- A Well-Wisher
- Shri Shirishbhai Mafatlal Shah, Panchoti Pado
- Smt. Manjulaben Dilipbhai Mohanlal Hemchand Shah, Marfatia Mehtano Pado

## REVOLVING FUND : Target Rs. 5 Crores

To provide interest free Educational Loan

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 15 Lakhs |
| **Late Smt. Kamalaben & Shri Kantilal Prabhudas Jhaveri** (Dhandher Vado) By Shri Samir Chandrakant Jhaveri | Rs. 11 Lakhs |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | Rs. 10 Lakhs |
| **Late Smt. Jasudben Jamnadas Jhaveri & Late Jamnadas Umedchand Jhaveri (Dhandher Wado)** By Late Saraswatiben Jamnadas Jhaveri through her will | Rs. 10 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |
| **Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado** | Rs. 5 Lakhs |
| **Smt. Gulabben Chimanlal Valamji Choksi** By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado) | Rs. 5 Lakhs |
| **Dr.Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni** (Manmohanji ni Sheri) | Rs. 5 Lakhs |
| **Smt. RohinibenVikrambhai Shah**(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben | Rs. 5 Lakhs |
| **Late Smt. Kusumben Vrajlal Shah & Vrajlal Jesinglal Shah** (Jafujiwala) (Tamboli Vado) | Rs. 5 Lakhs |
| **Smt. Taraben Sevantilal Nathalal Khandwala** (Keshu Sheth no pado) By Shri Kandarpbhai | Rs. 12 Lakhs |

## MEMORIAL FUND

| NAME OF THE DONOR | DONATION |
|---|---|
| ● Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | **Rs. 8 Crores** |
| ● Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | **Rs. 10 Lakhs** |

The donors donating in **MEMORIAL FUND** through their will -- it can be utilised for special activities of the **MANDAL**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.